# રાહુલની ‘શક્તિ’ સામે લડાઈની ટિપ્પણી પર વડા પ્રધાનનો વળતો જવાબી હુમલો

**મારા** માટે દરેક માતા અને પુત્રી ‘શક્તિ’નું રૂપ છે અને તેમની સુરક્ષા માટે હું પોતાનો જીવ આપી દઈશ: મોદી

**રાહુલે** વડા પ્રધાન પર તેમના શબ્દોને ટ્વિસ્ટ કરવાનો આરોપ મૂકીને કહ્યું ‘મોદીજીને મારા શબ્દો ગમતા નથી

જગતિયાલ (તેલંગાણા)- નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ‘શક્તિ સામે લડાઈ’ નિવેદન પર સોમવારે વિવાદ ઉભો થયો હતો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સખત શબ્દોમાં જવાબ આપતા કહ્યું હતું કે તેમના માટે દરેક માતા અને પુત્રી ‘શક્તિ’નું રૂપ છે અને તેમની સુરક્ષા માટે તેઓ પોતાનો જીવ આપી દેશે.

વિવાદ ઉભો થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલે સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ ધાર્મિક શક્તિ વિશે વાત કરી રહ્યા ન હતા પણ તેઓ અધર્મ, ભ્રષ્ટાચાર અને અસત્યની શક્તિ અંગે વાત કરી હતી. એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં, ગાંધીએ વડા પ્રધાન પર તેમના શબ્દોને ટ્વિસ્ટ કરવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે ‘મોદીજીને મારા શબ્દો ગમતા નથી, તેઓ હંમેશા કોઈને કોઈ રીતે તેમને ટ્વિસ્ટ કરીને તેનો અર્થ બદલવાનો પ્રયાસ કરે છે.’ લોકસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત બાદ તેલંગાણાના નિઝામાબાદના જગતિયાલમાં તેમની પ્રથમ રેલીમાં મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રએ ગયા વર્ષે ચંદ્રયાન-3ની સફળતાને ‘શિવ શક્તિ’ને સમર્પિત કરી હતી, પરંતુ વિપક્ષી પાર્ટીઓ ‘શક્તિ’નો નાશ કરવાની વાત કરી રહી છે.

# એનસીપીમાં ખટરાગ : અજિત પવારના નાના ભાઈ તેમનાથી અલગ થયા

**અજિત** પવારના નાના ભાઈ શ્રીનિવાસ તેમની ભાભીએ પોતે શરદ પવારની સાથે હોવાની જાહેરાત કરી

પુણે, તા. 18 (પીટીઆઈ) : અજિત પવારના સગા ભાઈ શ્રીનિવાસ પવારે અજિત પવારનો વિરોધ કર્યો છે. અજિત પવારની ભાભી શર્મિલા પવારે પણ શરદ પવારની સાથે ઊભા રહેવાનો નિર્ણય કર્યો છે અને કહ્યું છે કે ‘અમે ફક્ત સાહેબને વિજયી બનાવવા માગીએ છીએ.’ આ પહેલા અજિત પવારના ભત્રીજા યુગેન્દ્ર પવાર તેમને છોડીને શરદ પવારના સમર્થનમાં ઉભા હતા.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નાના ભાઈ શ્રીનિવાસ પવારને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સ્થાપક શરદ પવારનો પક્ષ છોડવા બદલ તેમની ટીકા કરતાં સાંભળી શકાય છે.

ગયા વર્ષે જુલાઈમાં અજિત પવાર આઠ ધારાસભ્યો સાથે એકનાથ શિંદે સરકારમાં જોડાયા હતા. પરિણામે એનસીપીમાં ભાગલા પડ્યા હતા. તેમની આગેવાની હેઠળના જૂથને પક્ષનું નામ અને ‘ઘડિયાળ’ પ્રતીક મળ્યું, જ્યારે શરદ પવારના સંગઠનને હવે એનસીપી (શરદચંદ્ર પવાર) કહેવામાં આવે છે.વીડિયોમાં શ્રીનિવાસ પવાર (60)એ બારામતીના કાટેવાડી ગામના રહેવાસીઓ સાથે વાત કરતાં કહ્યું કે, એનસીપીના સ્થાપક દરેક સુખ-દુઃખમાં અજિત પવારની સાથે ઊભા રહ્યા હતા.

## પેજ 3

### સાઉથ અભિનેત્રી અરુંધતી નાયર માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ, હાલ વેન્ટીલેટર પર



તમિલ અને મલયાલમ અભિનેત્રી અરુંધતિ નાયરને 14 માર્ચે માર્ગ અકસ્માત થતા તે ગંભીર રીતે ઘાયલ થઇ હતી અને હાલ તે વેન્ટીલેટર પર છે. તેની બહેને સોમવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે તે વેન્ટિલેટર પર છે. માર્ગ અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. હાલ તેની સારવાર ચાલુ છે. અરુંધતી નાયરની બહેન આરતીએ તેની બહેનને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ટેગ કરીને કહ્યું કે 3 દિવસ પહેલા તેનો અકસ્માત થયો હતો અને તેની હાલત નાજુક છે. ઈન્ડિયા ટુડેના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે આ માર્ગ અકસ્માત કોવલમ બાયપાસ પર થયો હતો, જેમાં અરંધતીને માથામાં ઈજા થઈ હતી.

### કંગના રનૌતને ભાજપ હિમાચલથી લોકસભા ચૂંટણી લડાવે તેવી સંભાવના



મુંબઇ, તા. 19 : કંગના રનૌત ચૂંટણી લડશે તેવી ચર્ચાએ ફરી જોર પકડ્યું છે. ભાજપ અભિનેત્રીને ટિકિટ આપી શકે છે. જો કે હજુ સુધી કોઇ અંતિમ નિર્ણય લેવાયો નથી. પણ એવું કહેવાઇ રહ્યું છે કે ભાજપ અભિનેત્રીને હિમાચલથી ટિકિટ આપી શકે છે. તેમને હિમાચલની મંડી સીટથી ટિકિટ આપવામાં આવી શકે છે. કંગનાએ પણ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેની ગણતરી મંડીથી ટિકિટ માટે પ્રબળ દાવેદારમાં કરવામાં આવી રહી છે. હિમાચલ પ્રદેશમાં ભાજપે ચારમાંથી બે બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. કાંગડા અને મંડી બે બેઠકો બાકી છે. મંડી બેઠક પરથી ભાજપ જે નામો પર વિચાર કરી રહી છે તેમાં કંગનાનું નામ પણ સામેલ છે.

# રશિયામાં ફરી એકવાર વ્લાદિમીર પુતિન પ્રમુખ પદની ચૂંટણી જીત્યા

**સખતાઈથી** વિરોધ પક્ષોના અવાજને દબાવ્યા બાદ પુતિન પોતાના 24 વર્ષના શાસનને વધુ 6 વર્ષ માટે લંબાવવા માટે નિશ્ચિત હતા

**પુતિન** કુલ મતોના 87 ટકા જેવા વિક્રમી સંખ્યામાં મતો મેળવીને પાંચમી વખત રશિયાના પ્રમુખ બન્યાની અધિકારીઓ દ્વારા જાહેરાત



મોસ્કો, તા. 18 (એપી): પ્રમુખ વ્લાજીમીર પુતિને ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો જે અંગે ક્યારેય શંકા ન હતી જ્યારે અધિકારીઓએ સોમવારે કહ્યું હતું કે તેઓ રેકોર્ડ સંખ્યામાં મતો સાથે પાંચમી વખત પ્રમુખ બન્યા છે, જે રશિયન નેતાનું દેશના રાજકીય તંત્ર પર સંપૂર્ણ નિયંત્રણ દર્શાવે છે.

માત્ર નામના હરીફોનો સામનો કર્યા બાદ અને સખતાઈથી વિરોધ પક્ષોના અવાજને દબાવ્યા બાદ પુતિન પોતાના લગભગ 25 વર્ષના શાસનને વધુ 6 વર્ષ માટે લંબાવવા માટે તૈયાર હતા. વિરોધ પક્ષોએ લોકોને હાકલ કરી હતી કે પ્રમુખનો વિરોધ કરવા તેઓ મતદાનના છેલ્લા દિવસ રવિવારે મતદાન કેન્દ્રોની બહાર ભેગા થાય જેના પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા જો કે પ્રદર્શન કરવાનો અવકાશ બહુ ઓછો હતો.

પુતિન ડિસેમ્બર, 1999થી રશિયાના પ્રમુખ છે, તેમના કાર્યકાળમાં આંતરરાષ્ટ્રીય સૈન્યએ આક્રમકતા વધારી છે અને તેમની સામે અસંમતિ જાહેર કરતા લોકોને દબાવવામાં આવ્યા હતા.

સોમવારની સવારે પુતિને ચૂંટણીના પરિણામોને તેમનામાં ‘વિશ્વાસ’ અને ‘આશા’ તરીકે ગણાવ્યા હતા જ્યારે ટીકાકારોએ પરિણામોને પૂર્વનિર્ધારીત ગણાવ્યા હતા.

‘આપણી પાસે ઘણું બધું કામ છે. પણ હું બધાને એક વાત સ્પષ્ટ કરવા માગુ છું કે જ્યારે આપણે એકીકૃત હતા કોઈ પણ આપણને ડરાવી શક્યું નહીં. તેઓ ભૂતકાળમાં પણ નિષ્ફળ ગયા હતા અને ભવિષ્યમાં પણ થશે’, એમ પુતિને કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું. મતદારો પાસે દેખીતી રીતે કોઈ પસંદ કે વિકલ્પ ન હતાં, ચૂંટણીની સ્વતંત્ર દેખરેખ મર્યાદીત હતી.

પુતિન અથવા યુક્રેનમાં તેમના યુદ્ધની કોઇ પણ જાહેર ટીકાને દબાવી દેવામાં આવી હતી. સ્વતંત્ર મીડિયા નબળી કરાઈ હતી. તેમના ઉગ્ર રાજકીય વિરોધી એલેક્ઝેઈ નાવલનીનું આર્કટીકની એક જેલમાં ગયા મહિને નિધન થયું હતું અને અન્ય ટીકાકારો ક્યાં તો જેલમાં છે અથવા દેશનિકાલ અપાયો છે.

# ઉત્તર કોરિયાએ ફરીથી મિસાઈલ પરીક્ષણ કર્યું, જાપાન અને દ. કોરિયાએ ટીકા કરી

**થોડા** દિવસ પહેલાં જ અમેરિકા અને દક્ષિણ કોરિયાએ સંયુક્ત લશ્કરી કવાયત કરી હતી

સિઓલ, તા. 18 (એપી): ઉત્તર કોરિયાએ સોમવારે સવારે તેની પૂર્વીય જળ સીમા તરફ કેટલીક ટૂંકા-અંતરની બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી, એમ તેના પાડોશી દ. કોરિયાએ જણાવ્યું હતું. દક્ષિણ કોરિયા અને અમેરિકી લશ્કરી કવાયત સમાપ્ત થઈ તેના થોડા દિવસો પછી મિસાઈલો છોડવામાં આવી હતી, ઉત્તર કોરિયા બંને દેશોની કવાયતને આક્રમણના રિહર્સલ તરીકે જુએ છે.

આ પ્રક્ષેપણ ઉત્તર કોરિયાની લગભગ એક મહિના બાદ પ્રથમ મિસાઈલ પરીક્ષણ કાર્યવાહી હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ સવારે 7:44 વાગ્યે બે અને ત્યારબાદ લગભગ 37 મિનિટ પછી એક મિસાઈલ છોડી હતી. જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદાએ સંસદીય સત્રમાં જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાની મિસાઈલો કોરિયન દ્વીપકલ્પ અને જાપાન વચ્ચેના દરિયામાં પડી હતી, જે તમામ જાપાનના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની બહાર છે, અને કોઈ નુકસાન અથવા ઈજાના અહેવાલ નથી. કિશિદાએ ઉત્તર કોરિયાના વારંવાર કરાતા બેલિસ્ટિક મિસાઈલ પરીક્ષણોને ‘જાપાન, પ્રદેશ અને આંતરરાષ્ટ્રીય સમાજની શાંતિ અને સલામતી માટે જોખમી’ ગણાવ્યા હતા અને તેની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે જાપાને ઉત્તર કોરિયા સામે તેની પરીક્ષણ પ્રવૃત્તિઓ પર સખત વિરોધ કર્યો, કહ્યું કે તેઓએ યુએન સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કર્યું છે.

# બાળપણના નિર્વસ્ત્ર ફોટાના કારણે શખ્સનું ઈમેલ એકાઉન્ટ બ્લોક કરવા બદલ ગુજરાત હાઈકોર્ટની ગૂગલને નોટિસ

**નીલ** શુક્લા બે વર્ષનો હતો ત્યારે તેનાં દાદી તેને સ્નાન કરાવી રહ્યાં હતાં તે સમયનો ફોટો ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કર્યો હતો

અમદાવાદ, તા. 18 (પીટીઆઈ): ગૂગલ ડ્રાઈવ પર બાળપણનો એક નિર્વસ્ત્ર ફોટો અપલોડ કરવા માટે એક માણસને લગભગ એક વર્ષ સુધી તેના ઈમેલ એકાઉન્ટનો ઉપયોગ કરવાથી અટકાવવામાં આવ્યો અને તેને ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખટખટાવવાની ફરજ પડી. હાઈકોર્ટે ગૂગલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને અરજદારના ઈમેલ એકાઉન્ટને ‘સ્પષ્ટ ચાઈલ્ડ એબ્યુઝ’ માટે બ્લોક કરવા માટે નોટિસ જારી કરી છે કારણ કે તેણે, તે બે વર્ષનો હતો ત્યારે તેની દાદી તેને સ્નાન કરાવી રહી હતી તે સમયનો ફોટો ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કર્યો હતો.

જસ્ટિસ વૈભવી ડી નાણાવટીની અદાલતે 15 માર્ચે ગૂગલ, કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ જારી કરી હતી. અરજદાર, નીલ શુક્લા જેઓ એક કોમ્પ્યુટર એન્જીનિયર છે તેમણે ગૂગલ ડ્રાઇવ પર બાળપણના ફોટોગ્રાફ્સ અપલોડ કર્યા હતા, જેમાં તેઓ બાળક હતા ત્યારે તેમની દાદી નવડાવતા હતા તે ફોટાનો સમાવેશ થાય છે.

ટેકની વિશાળ કંપનીએ ગયા વર્ષે એપ્રિલ મહિનામાં સ્પષ્ટ બાળ દુર્વ્યવહાર દેખાડતી સામગ્રીઓના સંદર્ભમાં તેની નીતિનો ભંગ કરવા બદલ શુક્લાનું એકાઉન્ટ બ્લોક કર્યું હતું. કંપની તેના ફરિયાદ નિવારણ તંત્ર મારફતે આ મુદ્દાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ ગઈ હતી. ત્યારબાદ શુક્લા 12 માર્ચે હાઈકોર્ટમાં ગયા હતા.

શુક્લાએ અદાલતમાં કહ્યું હતું કે ગૂગલે તેનું ઈમેલ એકાઉન્ટ સંપૂર્ણપણે બ્લોક કર્યું છે જેના કારણે તેમને વ્યવસાયિક નુકસાન થયું છે.

# એઈમ્સના તબીબોએ મહિલાની બંને કિડની એકસાથે ટ્રાન્સપ્લાન્ટ કરી ઈતિહાસ રચ્યો

**મેડિકલ** ઇતિહાસમાં પહેલીવાર એક જ દર્દીની બંને કિડની એકસાથે ટ્રાન્સપ્લાન્ટ કાઇ હોઇ તેવી પહેલી ઘટના

નવી દિલ્હી, તા. 18 : ઓલ ઈન્ડિયા મેડિકલ ઈન્સ્ટીટ્યૂટ (એઈમ્સ)એ મેડિકલ ઈતિહાસમાં ફરી એકવાર ઈતિહાસ રચીને બંને કિડની ખરાબ થવાની બિમારી સાથે દાખલ થયેલી 52 વર્ષની એક મહિલા દર્દીની બંને કિડનીનું એકસાથે ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું અને મેડિકલ ઈતિહાસમાં પહેલીવાર એક જ દર્દીની બંને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હોવાનું બન્યું હતું. તબીબોએ 78 વર્ષની એક બ્રેઈન ડેડ મહિલાની બંને કિડની આ મહિલા દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરી હતી.

સર્જીકલ વિભાગ અને નેફ્રોલોજી વિભાગે ઓઆરબીઓની મદદથી આ બંને કિડની ટ્રાન્સપ્લાન્ટનું કામ કર્યું હતું. એઈમ્સના સર્જરી ડિપાર્ટમેન્ટના પ્રો. ડો. અસુરી કૃષ્ણાના જણાવ્યા અનુસાર ઓપરેશન ઘણી કઠણાઈભર્યું હતું. તેમાં તબીબોની ઘણી ટીમે મળીને કામ કર્યું હતું. સૌથી સારી વાત એ રહી કે આ સર્જરી સફળ રહી. જે મહિલા દર્દીમાં બંને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરાયું તેની તબિયત સારી છે. આ મહિલા પહેલા ડાયાલિસીસ પર જીવતી હતી પણ હવે તેની સ્થિતિ પહેલા કરતાં ઘણી સારી છે.

# અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની સૈન્યના હવાઈ હુમલામાં 8નાં મોત, પાકિસ્તાને તેમને ત્રાસવાદી ગણાવ્યા

**અફઘાનિસ્તાનના** દાવા પછી પાકિસ્તાની સૈન્યએ નિવેદન કરી કહ્યું એક ઓપરેશનમાં આઠ ત્રાસવાદીઓને નરકમાં મોકલાયા

**પક્તિકા-ખોસ્ત** પ્રાંતમાં થયેલા હુમલામાં પાંચ મહિલા અને ત્રણ બાળકોના મોત થયાનું અફઘાનિસ્તાન સરકારના પ્રવક્તાનું નિવેદન



ઈસ્લામાબાદ/કાબુલ, તા. 18 (પીટીઆઈ) : અશાંત પાકિસ્તાની શહેરોમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાઓને લઈને બે પડોશી દેશો વચ્ચેના વાકયુદ્ધ વચ્ચે પાકિસ્તાને સોમવારે અફઘાનિસ્તાનની અંદર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ત્રણ બાળકો સહિત આઠ નાગરિકોનાં મોત થયાં હોવાનું અફઘાન તાલિબાને જણાવ્યું હતું. આ તરફ પાકિસ્તાન સેનાએ સોમવારે જણાવ્યું હતું કે અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક આદિવાસી જિલ્લામાં એક ઓપરેશનમાં દળો દ્વારા વોન્ટેડ આતંકવાદી કમાન્ડર સહિત આઠ આતંકવાદીઓને નરકમાં મોકલવામાં આવ્યા હતા.

પાકિસ્તાની સૈન્યનું નિવેદન અફઘાન સત્તાવાળાઓના પાકિસ્તાને તેના પ્રદેશમાં હવાઈ હુમલા કરતાં આઠ લોકો માર્યા ગયાના દાવાના કલાકો બાદ આવ્યું હતું.. પાકિસ્તાની સેનાએ એક નિવેદનમાં કહ્યું કે 17-18 માર્ચની રાત્રે, સુરક્ષા દળોએ આતંકવાદીઓની હાજરીના અહેવાલ પર ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં ગુપ્ત માહિતી આધારિત ઓપરેશન હાથ ધર્યું હતું. ઓપરેશનના આચરણ દરમિયાન, તીવ્ર ફાયર એક્સચેન્જ પછી આતંકવાદી કમાન્ડર સેહરા જનાન સહિત આઠ આતંકવાદીઓને નરકમાં મોકલવામાં આવ્યા હતા.

ડોન અખબારે કાબુલથી અહેવાલ આપ્યો હતો કે, અફઘાન શાસકોના પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે એક નિવેદનમાં આક્ષેપ કર્યો હતો કે પાકિસ્તાની વિમાનોએ હવાઈ હુમલાઓ કર્યા હતા. અફઘાન વચગાળાની સરકારના પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે દાવો કર્યો હતો કે, પાકિસ્તાની હુમલામાં મોતને ભેટનારા તમામ આઠ નાગરિકો મહિલાઓ અને બાળકો હતાં. મુજાહિદે જણાવ્યું હતું કે, પક્તિકામાં ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોનાં મોત થયાં હતાં અને એક ઘર તૂટી પડ્યું હતું જ્યારે ખોસ્ટમાં બે મહિલાઓનાં મોત થયાં હતાં, જ્યાં એક ઘર પણ નાશ પામ્યું હતું.


તક પૂરી થઈ જાય એ પહેલાં લાભ ઉઠાવો.
તમારું અપડેટેડ રિટર્ન આજે જ ફાઇલ કરો!

એસેસમેન્ટ વર્ષ 2021-22 માટે અપડેટેડ રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ : 31મી માર્ચ 2024



તમે એસેસમેન્ટ વર્ષ 2022-23 અને એસેસમેન્ટ વર્ષ 2023-24 માટે અપડેટેડ રિટર્ન પણ ફાઇલ કરી શકો છો

નીચેના કેસોમાં અપડેટેડ રિટર્ન ફાઇલ કરી શકાય છે;

- જો અસલ રિટર્ન ફાઈલ ન કર્યું હોય
- જો વિલંબિત વળતરની અંતિમ તારીખ ચૂકી ગઈ હોય
- જો આવક યોગ્ય રીતે જાહેર ન થઈ હોય તો મૂળ વળતરમાં ફેરફાર કરવા
- જો આવકનું ખોટું હેડ પસંદ કરવામાં આવ્યું હોય અથવા ખોટા દરે કર ચૂકવવામાં આવ્યો હોય
- જો કેરી ફોરવર્ડ નુકસાન અથવા અશોષિત અવમૂલ્યનમાં ઘટાડો જરૂરી છે
- જો એમએટી/એએમટી ક્રેડિટમાં ઘટાડો જરૂરી છે
- જો તમને આવકવેરા અધિનિયમ, 1961ના 133(6) હેઠળ કપાત/મુક્તિના દાવા વિશે ચોક્કસ માહિતી માટે નોટિસ મળી હોય, જેના સંબંધમાં તમારી પાસે યોગ્ય સમજૂતી/પુરાવા ઉપલબ્ધ નથી.
- જો તમે ખોટી કપાત/મુક્તિનો દાવો કર્યો હોય

| જો તમે 31.03.2024 સુધી ITR-U ફાઇલ કરો છો | ચૂકવવાપાત્ર વધારાના કરની રકમ |
|---|---|
| એસેસમેન્ટ વર્ષ 2021-22 માટે | કર અને વ્યાજના કુલ 50% ચૂકવવાપાત્ર |
| એસેસમેન્ટ વર્ષ 2022-23 અને વર્ષ 2023-24 માટે | કર અને વ્યાજના કુલ 25% ચૂકવવાપાત્ર |

વધારે માહિતી માટે,
કૃપા કરીને આવકવેરા અધિનિયમ, 1961ની કલમ 139 (8A) અને 140B (3)નો સંદર્ભ લો
વિલંબ કરશો નહીં, આજે જ ફાઇલ કરો.

ઈ-બ્રોશર્સ માટે QR કોડ સ્કેન કરો
આવકવેરા વિભાગ
સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ
વધુ માહિતી માટે, કૃપા કરીને www.incometax.gov.inની મુલાકાત લો
cbc 15401/13/0024/2324
@IncomeTaxIndia @IncomeTaxIndiaOfficial @IncomeTaxIndiaOfficial @Income Tax India @Income Tax India Official